ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 4th December, 2018

પ્રતિ,
તંત્રી શ્રી,
..................................................................................,
ભાવનગર.

**રાજ્ય કક્ષામાં ૩૩૦ લઘુ સંશોધનો પૈકી ૨૬ રાષ્ટ્ર કક્ષા માટે પસંદગી જેમાં**

**રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં રાષ્ટ્ર કક્ષા માટે ભાવનગર જીલ્લાના ૪ સંશોધનો પસંદ.**

આજનો વિદ્યાર્થી આવતીકાલનું ભવિષ્ય છે. વિદ્યાર્થીમાં રહેલી ક્ષમતા અને નવા વિચારો દેશના નવસર્જન માટે ખુબ જરૂરી છે ભારત દેશના પ્રત્યેક વિદ્યાર્થીઓ સંશોધનકાર્ય તરફ પોતાનો દ્રષ્ટિકોણ કેળવે તેવા આશયથી છેલ્લા ૨૫ વર્ષથી 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ'નું ચોક્કસ વિષયને કેન્દ્ર સ્થાને રાખીને ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ NCSTC દ્વારા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું આયોજન વિવિધ સ્તરે કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ માટે મુખ્ય વિષય 'સ્વચ્છ હરિયાળું અને સ્વસ્થ રાષ્ટ્ર માટે વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા નવીનીકરણ' છે. ગુજરાત રાજ્યમાં આ પ્રવૃતિનું સંચાલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

જેના ભાગરૂપે ભાવનગર જીલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર દ્વારા જીલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ -૨૦૧૮ નું આયોજન તા.૪ નવેમ્બર, ૨૦૧૮ ના રોજ 'વિજ્ઞાન ભવન' ભાવનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ સંશોધનાત્મક સ્પર્ધામાં જેન્સી ગુંદીગરા, સુર્વિન મોરી, રવિ ડાભી, હેતલ ડોડીયા, અદિતિ પટેલ, દ્વીજ આદેસરા, આશ્કા મશરૂ, રોહન જોષી, આદિત્ય વોરા અને શૈલી અંધારિયાના સંશોધન પસંદગી પામ્યા હતા. તા. ૨જી અને ૩જી ડિસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ભાવનગર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરેલ.

રાજ્ય સ્તરની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં ગુજરાત રાજ્ય ના ૩૩ જીલ્લામાં થી કુલ ૩૩૦ લઘુ સંશોધનોની રજૂઆત થયેલ. આ ૩૩૦ સંશોધનો પૈકી શ્રેષ્ઠ ૨૬ સંશોધનો રાષ્ટ્રીય કક્ષા માટે પસદગી પામેલ. જેમાં ભાવનગર જીલ્લાના હેતલ ડોડીયા, જેન્સી ગુંદીગરા, શૈલી અંધારિયા અને રોહન જોષીના સંશોધનોનો સમાવેશ થયેલ છે. જેઓ આગામી તા૨૮થી ૩૧ ડીસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન ભુવનેશ્વર, ઓડીસા ખાતે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

પસંદગી પામેલ ભાવનગર જીલ્લાના ચારેય વિદ્યાર્થીઓ તથા તેમના શિક્ષક શ્રી નીકેતાબેન આચાર્ય અને શ્રી હાર્શાબેન ભાટિયાને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગરના સલાહકાર ડૉ. નરોત્તમ સાહુ, કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગરના પ્રમુખશ્રી પરેશભાઇ ત્રિવેદી અને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેનશ્રી ભાવેશભાઈ ભરાડ દ્વારા શુભેચ્છા પાઠવામાં આવેલ.

૫-૧૨-૧૮
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar
Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar